# શહેરીજનો પાણીથી ભરપૂર નદીને નિહાળવા હીલોળે ચડ્યા

## નદીઓમાં પાણી અદૃશ્ય બની જતાં હાલ બે કાંઠે વહેતી શહેર નજીકથી પસાર થતી નદી જોવાનો લોકોએ લ્હાવો લીધો

ગાંધીનગર, તા. ૨૩ નદીઓમાં પાણી જવલ્લે જ જોવા મળતું થયુ છે. કોરી ધાકોર નદીઓ જોઈ નિસાસા નાખતાં લોકો પાણી જોવા માટે તલપાપડ બન્યા હતા. જેમાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ પછી ધરોઈ ડેમમાંથી છોડાયેલા પાણીએ સાબરમતી નદીને બે કાંઠે વહેતી કરી દીધી છે. નાગ પાંચમ રાત્રીએ જ ગાંધીનગરવાસીઓ શહેર નજીકથી પસાર થતી નદીમાં પાણી જોવા ઉમટ્યા હતા. પરંતુ મોડી રાત્રીએ આ પાણી આવ્યા હતા જેથી નિરાશ થયેલા લોકો વહેલી સવારે બે કાંઠે વહેતી નદી જોવા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જો કે નવનિર્માણ પામેલા સંત સરોવરનો નજારો પણ રળીયામણો બની ગયો હતો ત્યાં પણ લોકોએ પાણી જોવાની મજા માણી હતી.

રાજસ્થાનમાં થયેલા જોરદાર વરસાદે ઉપરવાસમાં પાણી પાણી કરી નાખ્યુ છે. જે કારણે ધરોઈ ડેમ છલકાઈ ઉઠ્યો છે અને ડેમમાંથી પાણી છોડવામાં આવ્યુ છે. છેક રાજસ્થાનથી આવતી સાબરમતી નદીમાં આ પાણી આવતા સમગ્ર નદીનો માર્ગ બે કાંઠે થઈ છેક અમદાવાદ સુધી પાણી બે કાંઠે થઈ ગયા છે. વર્ષ દરમ્યાન સુક્કી ભઠ્ઠ નદીઓ જોઈને અફસોસ વ્યક્ત કરતો કુદરતી દશ્યોનો ચાહક વર્ગ નિરાશ રહેતો હતો. જેમાં સાબરમતી નદીમાં પાણી આવવાની જાણ થતાં સોમવાર રાત્રીએ જ મોટાભાગના લોકો શહેરના ૩૦ સર્કલ નજીક આવેલા બ્રિજ ઉપર ઉમટી પડ્યા હતા. પરંતુ પાણી મોડી રાત સુધી પહોંચશે તેવી સંભાવનાઓ ઉભી થતા વહેલી સવારે લોક ટોળેટોળા બ્રિજ ઉપર જોવા મળ્યા હતા.





વિશાળપટ્ટ ધરાવતી સાબરમતી નદીમાં ભરપૂર પાણી સાથે બે કાંઠે વહેતી જોઈ શહેરીજનોમાં ભારે રોમાંચ ઉભો થયો હતો અને આ દશ્યો પોતાના હાથવગો મોબાઈલ ફોનમાં કેદ કરવા તલપાપડ બન્યા હતા. જો કે સાબરમતી નદી ઉપર જ આગળ સંત સરોવરનું નિર્માણ કરાયુ છે જેમાં પણ ભરપૂર પાણીના દશ્યોથી રળીયામણા વાતાવરણનો અનુભવ લોકોએ કર્યો હતો. ચોમાસાની સિઝનમાં પ્રથમ વાર બે કાંઠે થયેલી નદીના આ સુંદર રૂપથી લોકો આનંદિત થઈ ઉઠ્યા હતા. અને વર્ષ દરમ્યાન સતત પાણીથી હિલોળે રહેતી નદી જોવાના અરમાન વ્યક્ત કર્યા હતા. જો કે પાણીની જરૂરિયાત અને તેના મુલ્યને સમજી સરકાર દ્વારા તેના સંગ્રહ માટે કરાયેલી વ્યવસ્થા થકી ચોમાસા સિવાય નદી કોરી ધાકોર રહે છે.

## પીવી સીંધુ અને સાક્ષી મલિકને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિધાનસભા ગૃહના નેતા તરીકે ૧૩મી વિધાનસભાના નવમા સત્રના બીજા દિવસે અભિનંદન પ્રસ્તાવમાં દેશને ઓલિમ્પિક રમતોત્સવમાં ગૌરવ અપાવનારી મહિલા પ્રતિભાઓને રાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધારનાર રાજ્યના યુવા વિદ્યાર્થી અને ગુજરાતના પુત્રની રિઝર્વ બેન્કના ગવર્નર પદે નિયુક્તિને અભિનંદન પાઠવ્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ બ્રાઝિલના રીયો-ડી-જાનેરોમાં રમાઈ રહેલા વિશ્વ ઓલિમ્પિક રમતોત્સવમાં કુસ્તીની ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ મેળવનારી પ્રથમ ભારતીય મહિલા સાક્ષી મલિક તથા બેડમિંગ્ટનની રમતમાં સિલ્વર મેડલ જીતનારી સૌથી નાની વયની ભારતીય મહિલા ખેલાડી પી.વી. સિંધુને મહિલા સશક્તિકરણના ઉત્કૃષ્ટ પ્રતિક ગણાવતા અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ તાજેતરમાં મેડિકલ માટે લેવાયેલી નીટ-૧ અને ૨ની પરીક્ષામાં ૯૯.૯૯ પર્સેન્ટાઈલ મેળવી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવેલા નડીયાદના હેત શાહને પણ અભિનંદન-શુભેચ્છા પાઠવ્યા હતા.

તેમણે અભિનંદન પ્રસ્તાવમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના નવા ગવર્નર તરીકે નિમાયેલા ગુજરાતી મૂળના ઊર્જિત પટેલને પણ તેમની નવી જવાબદારીઓમાં શ્રેષ્ઠતા-સંપૂર્ણતા હાંસલ કરવાની શુભકામનાઓ આપી હતી. મુખ્યમંત્રીએ આ સિદ્ધિ પ્રાપ્ત મહિલા ખેલાડીઓ, રાજ્યના ગૌરવવંતા યુવા વિદ્યાર્થી અને આર.બી.આઈ.ના ગવર્નરને સમગ્ર સભાગૃહ તથા સાડા ૬ કરોડ ગુજરાતીઓ વતી સફળતાના અભિનંદન પાઠવ્યા હતા.





## એસ.એસ.વી. ખાતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

સેકટર-૩ સ્થિત એસ.એસ.વી. કેમ્પસ ખાતે જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓએ અલગ અલગ પોષાક ધારણ કર્યા હતા. જેમાં કૃષ્ણ, ગોવાળીયા, ગોપી તેમજ રાધાના પોષાક ધારણ કર્યા હતા. પોષાકમાં સજ્જ થઈ કૃષ્ણ ભગવાનને લગતા નાટકો અને શ્લોકનું ગાન કરવામાં આવ્યું હતું. શિક્ષકો આનંદ ઉલ્લાસથી રાસ-ગરબા રમ્યા હતા અંતે મટકી ફોડી બાળકોને તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શાળાનું સમગ્ર કેમ્પસ 'જય કનૈયા લાલ કી હાથી ઘોડા પાલખી'ના નાદે ગુંજી ઉઠયું હતું.

## દર્દીનું સેમ્પલ...

● ત્રીજા પાનાનું ચાલુ

મોખાસણ ગામનો નીલ મોચી નામનો દર્દી પેટમાં દુ:ખાવાની ફરિયાદ લઈને આવ્યો હતો. ડોકટરે તપાસી દર્દીના મળનો રિપોર્ટ કરાવાનું કહેતા દર્દીએ લેબોરેટરીમાં ટેસ્ટ માટે મળનું સેમ્પલ આપ્યું હતું. બીજા દિવસે દર્દીનો રિપોર્ટ ન આવતા ધક્કા ખાઈને કંટાળી ગયેલા દર્દીએ બીજી વાર મળનું સેમ્પલ આપ્યું હતું. બીજી વાર દર્દીના પિતા રિપોર્ટ લેવા ગયા તેમ છતાં રીપોર્ટ ન મળતા તેઓએ લેબમાં પોતાના દિકરાના મળના સેમ્પલ વિશે શોધખોળ આદરી હતી. લેબ વિભાગમાં ભારે ઝીણવટપૂર્વક તપાસ કરતા દર્દીનું સેમ્પલ ડસ્ટબીનમાંથી મળી આવ્યું હતું. બે બે વાર સેમ્પલ આપવા છતા રિપોર્ટ નહીં આવતા અને સેમ્પલ ડસ્ટબીનમાંથી મળી આવતા લેબની ગંબીર બેદરકારીને પગલે રોષે ભરાયા હતા અને હોસ્પિટલ તંત્રના સત્તાધીશોને ફરિયાદ કરી હતી. હોસ્પિટલ સત્તાવાળાઓએ આ અંગે યોગ્ય કરવાનું જણાવતા દર્દીના પિતા શાંત થયા હતા.

## વંચિતો-દલિતોનું રક્ષણ એ સરકારની પ્રાથમિકતા : મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ સરકાર છેવાડાના વંચિતો-દલિતો અને અન્યાય સહન કરનારા સૌને માન-સન્માન અને ન્યાય-રક્ષણ મળે તેને પ્રથમ પ્રાયોરિટી આપનારી સરકાર છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે નવમા સત્રના દ્વિતીય દિવસે નિયત ૧૧૬ અન્વયેની તાકિદની જાહેર અગત્યની બાબતની ચર્ચામાં ભાગ લેતાં તેમણે અત્યાચાર આચરનારાઓને કડકમાં કડક સજા થાય - નશ્યત થાય તેવી બાંહેધરી આપી હતી. વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, વંચિતો-દલિતોના પ્રશ્ને સંપૂર્ણ સંવેદનશીલતાથી આ સરકાર તેમની પડખે ઉભી છે. વિધાનગૃહના સૌ સભ્યો અને સરકાર ભવિષ્યમાં દલિતો પર અત્યાચાર ના થાય તે માટે સતત ચિંતા કરશે અને તેમને યોગ્ય માન-સન્માન રક્ષણ માટે પ્રતિબદ્ધ રહેશે.

### ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

'વિદ્યાયન', સેક્ટર-૧૦ એ, ગાંધીનગર

**ઝેરોક્ષિંગ અંગેની વાર્ષિક કામગીરીના કોન્ટ્રાક્ટ બાબતની ટેન્ડર નોટીસ-૨૦૧૬/૧૭**

કચેરી દ્વારા વર્ષ - ૨૦૧૬-૧૭ની નકલદીઠ ઝેરોક્ષિંગ અંગેની વાર્ષિક કામગીરીનો કોન્ટ્રાક્ટ કરવાનો હોવાથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે જણાવેલ વિગતેથી રૂ. ૧૦૦/- (નોન રીફંડેબલ) રકમ જમા કરાવી ટેન્ડર ફોર્મ કચેરી ખાતેથી મેળવી સીલબંધ કવરમાં રજૂ કરવા જણાવવામાં આવે છે. કવર ઉપર 'ઝેરોક્ષ કામગીરીનું ટેન્ડર' દર્શાવવા જણાવવામાં આવે છે.

| અ. નં. | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧. | ટેન્ડર ફોર્મ વેચાણ શરૂ કરવાની તારીખ | તા. ૨૪/૮/૧૬ સમય :૧૧.૦૦ AM |
| ૨ | ટેન્ડર ફોર્મ વેચાણ બંધ કરવાની છેલ્લી તારીખ | તા. ૧૫/૯/૧૬ સમય ૫.૦૦ PM |
| ૩ | ડોક્યુમેન્ટ બીડના કવરો રજૂ કરવાની છેલ્લી તારીખ | તા. ૧૬/૯/૧૬ સમય : ૫.૦૦ PM |
| ૪ | ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ | તા. ૧૭/૯/૧૬ સમય : ૧૨.૩૦ PM |

માહિતી/૧૩૧૮/૧૬-૧૭ **નિયામક**

